# વિરોધની દુનિયા... દુનિયાભરના વિવિધ વિરોધ

**શાંત લાગતો પ્રતિકાર કેવો તેજાબી હોય શકે છે એનું પ્રત્યક્ષ દ્રષ્ટાંત હમણાં આપણને જોવા -જાણવા મળ્યું. દેશની યુવા શક્તિએ સશક્ત ગણાતી સરકારેને ઝુકાવી દીધી. એમાં GEN-Zની એક નવા જ પ્રકારની ઉર્જા જોવા મળી... અહીં આપણે જાણી આ વિરોધની ખાસિયત તથા આવા અનેકવિધ વિરોધ- પ્રતિકાર વિશે...**

વિરોધ... આ શબ્દમાં જ એક વિશેષ પ્રકારનું આકર્ષણ છે. એ સાંભળતા-વાંચતાં જ જિજ્ઞાસા જાગે છે.


આપણી ઈચ્છા-મરજી ન હોય અથવા જેની સાથે આપણે સહમત ન હોઈએ એવી વાત સામે આવે ત્યારે આપણે જે પ્રતિક્રિયા વ્યક્ત કરીએ, તેનું નામ વિરોધ.

વિરોધ એ માનવીની જન્મજાત વૃત્તિ-પ્રવૃત્તિ છે. જન્મતાની સાથે જ રડવું એ વિરોધ દર્શાવવાનો શિશુનો પહેલો પ્રયાસ છે. માતાની આરામદાયક કૂખમાંથી નવી દુનિયામાં પ્રવેશવા સામેની એ કદાચ અસહમતિ પણ હોઈ શકે!

આ લખાય છે તેના એક દિવસ પહેલાં (૨૫ જુલાઈ) જ કેન્દ્ર સરકાર સામે આક્રોશભેર વિરોધે ચઢેલી GEN-Zએ પોતાની મુખ્ય ત્રણ માંગણીઓ મનાવી લઈને તેનું ૩૭ દિવસનું આંદોલન ગજબની કુનેહ સાથે આટોપી લીધું. કેન્દ્ર સરકારની વાહિયાત શિક્ષણ નીતિ-રીતિ સામે ‘યુદ્ધે’ ચઢેલા આ યુવાનો વિશે શરૂઆતમાં મોટાભાગના લોકો માનતા હતા કે આ એક રાબેતા મુજબનો વિરોધ છે. ગયા વર્ષે નેપાળ અને બાંગ્લાદેશમાં આવાં આંદોલનો થયા પછી રાજકારણના નિષ્ણાતો કહેતા હતા કે આ પ્રકારનો પ્રતિકાર ભારતીય GEN-Z ક્યારેય નહીં કરે. પરંતુ તેઓ બધા ભોઠા પડ્યા. ભારતીય GEN-Zનો એક નવો ચહેરો અને નવો મિજાજ દુનિયાને જોવા મળ્યો.

આ ૩૭ દિવસના આંદોલનમાં શું શું થયું તેની વિગતોમાં આપણે ન પડીએ, પરંતુ એક વાત ચોક્કસ હતી કે આજની પેઢીએ પોતાની તાસીર મુજબ જ પોતાના હમસફરોને પણ આ ‘યુદ્ધ’માં સામેલ કરી લીધા. તેમાં સચોટ સ્લોગન્સ, સૂત્રો અને સોશિયલ મીડિયા પર મીમ્સનો ખૂબ જ કુશળતાપૂર્વક ઉપયોગ કરવામાં આવ્યો. ‘ઈન્કલાબ ઝિંદાબાદ’ જેવા વર્ષો જૂના પરિચિત સૂત્રોથી લઈને આજના યુવાનોને પોતાના લાગે, મનમાં વસી જાય એવા સ્માર્ટ અને સચોટ વાક્યો – ‘તમ્હારે અચ્છે દિન વાપસ લો... હમારે બુરે દિન વાપસ દો!’ – નો










પણ ઉપયોગ થયો. એમનાં સૂત્રો ટૂંકાં, તીખાં અને અસરકારક હતાં. સોશિયલ મીડિયા પર એમની મીમ્સ અને રીલ્સ પણ એવી જ હતી. શબ્દો અને સમય ક્યાંય વેડફ્યા વિના યુવા શક્તિએ પોતાની ‘મન કી બાત’ કહી દીધી... ના, સંભળાવી દીધી!

જ્યારે પણ તમે તમારી વાત શાસકો કે પ્રજા સમક્ષ મૂકો, તેમાં કંઈક નવીનતા હોય તો જ એ બધાનું ધ્યાન ખેંચે. હાલનું આ આંદોલન તેના પ્રથમ તબક્કામાં સફળ નીવડ્યું છે. તે કેટલું સફળ રહ્યું છે, એ તો સમય જ કહેશે.

જોકે, આવું જ દેશનું ધ્યાન દોરે એવું એક આંદોલન આજથી પાંચ વર્ષ પહેલાં થયું હતું. ૨૦૨૦-૨૧માં ભારતભરના ખેડૂતોએ પાટનગરમાં પોતાનો વિરોધ સાવ અલગ રીતે વ્યક્ત કર્યો હતો. વિશાળ ટ્રેક્ટર માર્ચ દ્વારા વિરોધ પ્રગટ કરવાનો તેમનો વિચાર સૌને વિસ્મિત કરી ગયો હતો. દૂર-દૂરના સ્થળોથી પાટનગરના રાજમાર્ગો પર અંદાજે ૧૫ હજાર ટ્રેક્ટરો લઈને ખેડૂતોએ સત્તાધીશોને પરેશાનીની પરાકાષ્ઠાએ પહોંચાડી દીધા હતા.

આપણા દેશમાં એ પ્રકારનો કદાચ પહેલો વિરોધ હતો. જોકે, આપણા પહેલાં પણ નેધરલેન્ડમાં ટ્રેક્ટર માર્ચ દ્વારા આવો વિરોધ થઈ ચૂક્યો હતો. ‘દેશમાં વધતા પ્રદૂષણ માટે ખેડૂતો જવાબદાર છે’ એવો ત્યાંની સરકારે આક્ષેપ કર્યો, ત્યારે ખેડૂતો બગડ્યા. તેમણે દેશભરમાંથી ૧૦ હજાર ટ્રેક્ટર સાથે હેગ સિટી તરફ કૂચ કરી અને લગભગ ૯૯૮ કિલોમીટરના માર્ગો તથા હાઈવે એવા જામ કરી દીધા કે સરકાર તોબા પોકારી ગઈ. અંતે સરકારે ખેડૂતો સામેના આક્ષેપો પાછા ખેંચી સમાધાન કરવું પડ્યું.

આવો જ ટ્રેક્ટર મોરચો ફ્રાન્સ અને અમેરિકામાં પણ સફળતાપૂર્વક યોજાયો હતો. વોશિંગ્ટનની એ ટ્રેક્ટર રેલીથી ત્યાંના સત્તાવાળાઓ એવા ઊંઘતા ઝડપાયા કે ‘રેડ’ પરથી ‘ટ્રેક્ટર રેડ્સ’ શબ્દ ત્યાંની રોજિંદી બોલીમાં ઉમેરાઈ ગયો. આમ જાતભાતની ચળવળો અને વિરોધ પ્રદર્શનોને કારણે અનેક સરકારો અને સત્તાવાળાઓ મુશ્કેલીમાં મુકાતા આવ્યા છે. અલબત્ત, આવી મોટાભાગની ચળવળોમાં વિદ્યાર્થીઓ અને યુવાનો જ અગ્રેસર રહ્યા છે. ઉદાહરણ તરીકે, દેશમાં ઘટતા શિક્ષણના સ્તર અને મોંઘા થતા શિક્ષણ તરફ સરકારનું ધ્યાન દોરવા ચિલીના પાટનગર સેન્ટિયાગોમાં લગભગ ૧૦૦ વિદ્યાર્થીઓએ જાહેરમાં ‘ચુંબન મહોત્સવ’ યોજ્યો, જેમાં તેઓ ખુલ્લેઆમ એકબીજાને ચુંબન કરતાં હતા. આજુબાજુ પોસ્ટરો લગાડ્યાં હતાં:

**ક્લોઝ-અપ જિંદગી**
★ ભરત ઘેલાણી



પાટનગરમાં કિસાનોનું ટ્રેક્ટર આંદોલન

‘અહીં પ્રેમ મફતમાં મળે છે અને ભણતર મોંઘું છે!’

જાહેર સ્થળો પર થયેલા આ અનોખા વિરોધના પરિણામે સત્તાવાળાઓએ શિક્ષણ લોનનું વ્યાજ તાત્કાલિક ઘટાડી દીધું.

આ જ રીતે કેનેડાના ક્યૂબેક, મોન્ટ્રિયલ અને ટોરોન્ટોની કોલેજોમાં વધતી જતી ફી સામે વિરોધ દર્શાવવા આશરે બે લાખથી વધુ વિદ્યાર્થીઓએ અર્ધનગ્ન અવસ્થામાં આંદોલન શરૂ કર્યું. માત્ર જાંઘિયા પહેરીને કરાયેલું આ આંદોલન લગભગ ત્રણ મહિના ચાલ્યું અને આખરે સત્તાવાળાઓએ ફીમાં નોંધપાત્ર ઘટાડો કરીને તેમની માંગણી સ્વીકારવી પડી.

આમ જુઓ તો અર્ધનગ્ન અવસ્થા કે જાહેરમાં સમૂહ ચુંબન જેવા વિરોધ તરત જ ચર્ચામાં આવી જાય, પરંતુ હવે એ બહુ સહજ બની ગયા છે. તેમાં નવીનતા રહી નથી. તમારા વિરોધને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવો હોય અને તેની ચર્ચા સર્વત્ર થાય, તો વિશાળ જનસમૂહના સરઘસો અને મોરચા જરૂરી છે, પરંતુ તેમાં પણ કંઈક નવું તત્ત્વ હોવું જોઈએ.

## એક ઉદાહરણ લઈએ...

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ પહેલી વાર રાષ્ટ્રપતિ બન્યા પછી મહિલાઓના અધિકારો વિશે કરેલી કેટલીક ટિપ્પણીઓથી ત્યાંની મહિલાઓ નારાજ થઈ. તેમણે વોશિંગ્ટનમાં વિશાળ રેલી કાઢી, જેમાં પુરુષો પણ જોડાયા. આ સરઘસની વિશેષતા એ હતી કે તેમાં સામેલ થયેલા મોટાભાગના લોકોએ કોઈ ને કોઈ ગુલાબી (પિન્ક) વસ્તુ ધારણ કરી હતી અથવા સાથે રાખી હતી, જેમ કે પર્સ, સ્કાર્ફ કે મફલર. આ ‘પિન્ક મોરચા’માં બે લાખથી વધુ સ્ત્રી-પુરુષો જોડાયા હતા. અમેરિકાની મહિલાઓને ટેકો આપવા લંડન અને પેરિસમાં પણ આવા પિન્ક મોરચા યોજાયા.

આ પિન્ક વિરોધ પરથી આપણને પણ થોડાં વર્ષો પહેલાં બનેલી એક સનસનાટીભરી ઘટના યાદ આવે છે. વેલેન્ટાઈન ફેસ્ટિવલ દરમિયાન મંગલુરુના એક પબમાં બિયર પીતી કેટલીક યુવતીઓને ‘શ્રી રામ સેના’ નામના એક સ્થાનિક સંગઠનના કાર્યકરોએ ‘આ ભારતીય નારીની સંસ્કૃતિ નથી’ કહીને માર માર્યો હતો.

બસ, પછી તો નિશા સુસાન નામની મહિલા પત્રકાર એવી વિફરી કે તેમણે અન્ય મહિલાઓને સાથે લઈને પેલા કાર્યકરોને પાઠ ભણાવવાનો અનોખો રસ્તો અપનાવ્યો. તેમણે તેમના સંગઠનના સરનામે ગુલાબી ચડ્ડીઓ (પિન્ક અન્ડરવેર) મોકલવાનું અભિયાન શરૂ કર્યું. આ અનોખી ચળવળને દેશભરમાં એવો જબરો પ્રતિસાદ મળ્યો કે થોડા જ દિવસોમાં ૫૦ હજારથી વધુ ગુલાબી ચડ્ડીઓ તેમના સુધી પહોંચી ગઈ. આ ઘટના પછી પબ કે બારમાં જતી યુવતીઓને હેરાન કરવાની હિંમત કોઈએ સહેલાઈથી કરી નહીં.

જો કે, આ બધાની વચ્ચે આપણે સદા યાદ રાખવું જોઈએ કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ સત્તાને કેવી રીતે હંફાવવી અને અહિંસક રીતે સ્વતંત્રતા કેવી રીતે મેળવવી તેના અદભુત પાઠ આપણને શીખવ્યા છે – ધરણાં, ભૂખ હડતાલ, સવિનય અસહકાર, સવિનય અનાદર વગેરે. તેમની આ નીતિ અને રીત અનેક દેશોની આઝાદીની લડતમાં પણ પ્રેરણારૂપ બની છે.

તાજેતરમાં ખેડૂતોની ટ્રેક્ટર ચળવળને રોકવા માટે સરકાર દ્વારા પાટનગરના પ્રવેશદ્વારો પર કાંટાળી વાડ, સિમેન્ટના અવરોધકો અને લોખંડના ખીલા ગાડવામાં આવ્યા હતા. ત્યારે આપણા જગતના તાતે એ જ ખીલાઓની વચ્ચે પુષ્પોના છોડ વાવી દીધા.આ પણ એક ગાંધીગીરી જ છે!